
## નિફ્ટી 95 પોઇન્ટ વધીને 21,400ની ઉપર બંધ, ઈન્ડિયા વોલેટિલિટી ઈન્ડેક્સ (VIX) 7.07 ટકા ઉછળીનો 14.68 થયો

# વૈશ્વિક બજારોના સથવારે ત્રણ સેશનમાં સેન્સેક્સ 830 પોઈન્ટ વધ્યો

**નવગુજરાત સમય** > અમદાવાદ

માર્કેટમાં કોઈ પોઝિટિવ કે નેગેટિવ ટ્રિગરના અભાવે સાધારણ મૂવમેન્ટ જોવા મળી હતી અને સતત ત્રીજા દિવસે તેમાં આગેકૂચ જળવાઈ રહી હતી. વૈશ્વિક બજારોનો પણ સારો સથવારો મળ્યો હતો. અમેરિકામાં 2024માં વ્યાજદરમાં ઓછામાં ઓછા ત્રણ વાર ઘટાડાનો ફેડરલ રિઝર્વે સંકેત આપતા વૈશ્વિક બજારોમાં રેલી જોવા મળી હતી જેને કારણે સ્થાનિક સેન્ટિમેન્ટ વધારે મજબૂત બન્યું હતું. અમેરિકન બોન્ડ યીલ્ડ 4 ટકાની નીચે સરકીને 3.89ના સ્તરે રહ્યું હતું. ગત સપ્તાહે ગુરુવારે અને શુક્રવારે બે દિવસમાં 600 પોઈન્ટ વધ્યા બાદ સેન્સેક્સ મંગળવારે 230 પોઈન્ટ વધ્યો હતો. એચડીએફસી બેન્ક અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવા દિગ્ગજોમાં ખરીદી જોવાતા બજારમાં સુધારો જળવાયો હતો. આ બે સ્ટોક્સનું જ સેન્સેક્સમાં 120 પોઈન્ટનું યોગદાન રહ્યું હતું. કુલ ત્રણ સેશનમાં સેન્સેક્સ 830 પોઈન્ટ વધ્યો છે, જ્યારે



નિફ્ટી 291 પોઈન્ટ વધ્યો છે.

બીએસઈ સેન્સેક્સ મંગળવારે 229.84 પોઈન્ટ વધીને 71,336.80 પર બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન તે એક તબક્કે 364.33 પોઈન્ટ વધીને 71,471.29 સુધી ગયો હતો. નિફ્ટી 91.95 પોઈન્ટ વધીને 21,441.35 પોઈન્ટ વધ્યો હતો. મિડ કેપ ઈન્ડેક્સ 0.72 ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલ કેપ ઈન્ડેક્સ 0.48 ટકા વધ્યો હતો.

જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસીઝના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે અમેરિકામાં 2024માં આક્રમક રીતે વ્યાજદરમાં ઘટાડાની સંભાવના જોવાઈ રહી છે. તેને પગલે ભારતીય માર્કેટમાં વેલ્યૂએશન્સ ઊંચા હોવા છતાં અને એફઆઈઆઈની વેચવાલી છતાં આગેકૂચ જોવા મળી હતી. હાલમાં ભારત સહિતના દેશોના ઈક્વિટી માર્કેટમાં રિસ્ક-ઓન રેલી જોવા મળી રહી છે.

માર્કેટ બ્રેડ્થ પોઝિટિવ રહી હતી. બીએસઈ પર 2292 શેર વધીને બંધ રહ્યા હતા, જ્યારે 1599 શેર ઘટીને બંધ રહ્યા હતા. એફઆઈઆઈએ ₹95.20 કરોડની નેટ વેચવાલી કરી હતી, જ્યારે ડીઆઈઆઈએ ₹167.04 કરોડની નેટ ખરીદી કરી હતી.

સેક્ટોરલ ઈન્ડેક્સ જોઈએ તો યુટિલિટીઝમાં 1.56 ટકાનો વધારો થયો હતો. ઓઈલ-ગેસ ઈન્ડેક્સ 1.45 ટકા, કોમોડિટીઝ 1.36 ટકા, એનર્જી 1.28 ટકા, પાવર 1.22 ટકા, હેલ્થકેર 1.13 ટકા, મેટલ 0.93 ટકા, ઓટો 0.91 ટકા વધ્યો હતો. જોકે આઈટી અને ટેક ઈન્ડેક્સ ઘટ્યા હતા. દરમિયાન ઈન્ડિયા વોલેટિલિટી ઈન્ડેક્સ (VIX) 7.07 ટકા ઉછળી ગયો હતો અને 14.68 થયો હતો, જે તાજેતરના સમયમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે અને બજારમાં વોલેટિલિટી વધવાનો સંકેત કરે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ ઓલમોસ્ટ ફ્લેટ રહ્યું હતું. બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ બેરલદીઠ 79 ડોલર ટ્રેડ થતા હતા.

### મોતીસન્સ જ્વેલર્સનું 88% પ્રીમિયમથી લિસ્ટિંગ

મોતીસન્સ જ્વેલર્સ લિમિટેડના શેરનું 88 ટકા પ્રીમિયમથી લિસ્ટિંગ થયું હતું. ઈશ્યૂ પ્રાઈસ ₹55 સામે આ શેર બીએસઈ પર ₹103.90ના ભાવે ખૂલ્યો હતો, જે 88.90 ટકા પ્રીમિયમ દર્શાવે છે. ઈન્ટ્રા ડે આ શેરે 98.34 ટકા વધીને ₹109.09ની ટોચ બનાવી હતી. છેલ્લે 83.96 ટકા વધીને ₹101.18 પર બંધ રહ્યો હતો. તેનું માર્કેટ કેપ ₹996.08 કરોડ થયું હતું. મોતીસન્સનો ₹151 કરોડનો આઈપીઓ 159.61 ગણો ભરાયો હતો.

### સૂરજ એસ્ટેટના શેરનું 7% ડિસ્કાઉન્ટથી લિસ્ટિંગ

સૂરજ એસ્ટેટ ડેવલપર્સના શેરનું 7 ટકા ડિસ્કાઉન્ટથી લિસ્ટિંગ થયું હતું. ₹360ની ઈશ્યૂ પ્રાઈસ સામે આ શેર 4.5 ટકા ડિસ્કાઉન્ટથી ₹343.80 પર ખૂલ્યો હતો. દિવસ દરમિયાન એ તબક્કે તે 10 ટકા નીચો આવીને ₹323.95 થયો હતો. છેલ્લે 7.13 ટકા ઘટીને ₹334.30 પર બંધ રહ્યો હતો. તેનું માર્કેટ કેપ ₹1482.99 કરોડ થયું હતું. તેનો ₹400 કરોડનો ઈશ્યૂ 15.65 ગણો ભરાયો હતો.

### મુથૂટ માઈક્રોફિનનું 9% ડિસ્કાઉન્ટથી લિસ્ટિંગ

મુથૂટ માઈક્રોનના શેરનું ₹291ની ઈશ્યૂ પ્રાઈસ સામે 9 ટકા ડિસ્કાઉન્ટથી લિસ્ટિંગ થયું હતું. શેર 4.46 ટકા ઘટીને ₹278 પર ખૂલ્યા બાદ છેલ્લે 8.52 ટકા ઘટીને ₹266.20 પર બંધ રહ્યો હતો. તેનું માર્કેટ કેપ ₹4538.50 કરોડનું થયું હતું. કંપનીનો ₹760 કરોડનો ઈશ્યૂ 11.52 ગણો ભરાયો હતો.

### રેડ સી સંકટ હળવું થતા એચપીસીએલ 4 ટકા વધ્યો

એચપીસીએલના શેરનો ભાવ 4.06% વધીને ₹ 384.15 પર બંધ રહ્યો હતો. ઈન્ટ્રા ડે તે ₹392 સુધી ગયો હતો. વિશ્વની જાયન્ટ શિપિંગ કપની મર્સ્ક રેડ સી રૂટ પરથી ફરીથી ટ્રાન્સપોર્ટેશન શરૂ કર્યું હોવાના અહેવાલે એચપીસીએલ સહિતની મોટાભાગની ઓઈલ કંપનીઓના શેર વધ્યા હતા. ડેનમાર્ક સ્થિત મર્સ્ક હવે રેડ સી અને ગલ્ફ ઓફ એડન ખાતેથી શિપિંગ ઓપરેશન્સ શરૂ કરી રહી હોવાના અહેવાલ આવ્યા હતા જેમાં કહેવાયું હતું કે શિપની સુરક્ષા માટે અમેરિકાની આગેવાની હેઠળ લશ્કરી દળો તહેનાત કરવામાં આવ્યા છે. તેને કારણે ક્રૂડ ઓઈલનું સપ્લાય સંકટ હળવું થવાની આશાએ એચપીસીએલનો શેર ઉછળ્યો હતો.

### BELને ₹678 કરોડના ઓર્ડર મળતા 52-સપ્તાહની નવી ટોચે

ભારત ઈલેક્ટ્રોનિક્સને ₹678 કરોડના નવા ઓર્ડર મળ્યા હોવાની જાહેરાતને પગલે શેર 4.06 ટકા વધીને ₹181.95 પર બંધ રહ્યો હતો અને બાવન સપ્તાહની નવી ટોચ બનાવી હતી. ઈન્ટ્રા ડે તેણે ₹184.50ની નવી ટોચ બનાવી હતી. તેને મળેલા નવા ઓર્ડર પૈકી ₹445 કરોડનો ઓર્ડર ઉત્તર પ્રદેશ સરકાર તરફથી નેક્સ્ટ જનરેશન યુપી ડાયલ 112 પ્રોજેક્ટ માટેનો છે. કંપની તેમાં હાર્ડવેર, એઆઈ-બેઝ્ડ સોફ્ટવેર ટૂલ્સ અને સાઈબર સિક્યુરિટી સોલ્યૂશન્સ પ્રોવાઈડ કરશે. આ ઉપરાંત કંપનીને ₹233 કરોડનો ઓર્ડર કમ્યૂનિકેશન ડિસપ્લે યુનિટ્સ, થર્મલ ઈમેજિંગ કેમેરા અને અન્ય સ્પેર્સ-સર્વિસીઝ માટે મળ્યો છે. બ્રોકરેજ સીએલએસએએ આ શેરમાં ₹207નો ટારગેટ આપીને ખરીદીની ભલામણ કરી છે.

### RBIએ ખામી જણાવતા આરબીએલ બેન્કમાં કડાકો

આરબીએલ બેન્કનો શેર 4.38% ઘટીને ₹260.60 પર બંધ રહ્યો હતો. રિઝર્વ બેન્કે આરબીએલ બેન્કની બજાજ ફાઈનાન્સ સાથે કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ પાર્ટનરશિપમાં ગાઈડલાઈનનું પાલન કરવા બાબતે ગંભીર ખામી હોવાનું કહેતા તેના શેરમાં ગાબડું પડ્યું હતું. આરબીઆઈએ આ ખામીને પગલે આરબીએલ બેન્કની બજાજ ફાઈનાન્સ સાથે આ પાર્ટનરશિપ માત્ર એક વર્ષ માટે જ લંબાવી છે અને 21 ડિસેમ્બર, 2024 સુધી જ તે રહેશે તેમ કહી દીધું છે. આરબીઆઈએ કંપનીને ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવાની પણ હજી મંજૂરી નથી આપી જેને કારણે તેણે બજાજ ફાઈનાન્સ સાથે મળીને કો-બ્રાન્ડેડ કાર્ડ લોન્ચ કર્યું હતું.